# બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમારને મળતો વ્યાપક આવકાર

**મતક્ષેત્રના સિનિયર આગેવાનોના ઘરે જઈ જીત માટે આશીર્વાદ મેળવ્યા**

બાયડ, તા.૧૩

બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપ દ્વારા ઈતિહાસમાં પ્રથમવાર મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારતાં કાર્યકરો અને મહિલા મતદારોમાં ખુશાલી જોવા મળી છે. ભાજપના ઉમેદવાર ભીખીબેન પરમારને માલપુર અને બાયડ તાલુકામાં વ્યાપક આવકાર મળતો જોઈ શકાય છે. તેઓએ વિધાનસભા મતક્ષેત્રના સિનિયર આગેવાનો તેમજ પૂર્વ ધારાસભ્યના ઘરે જઈ આશીર્વાદ મેળવ્યા છે અને ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાની ભિલોડા, મોડાસા અને બાયડ ત્રણેય બેઠકો ઉપર ભાજપે ઉમેદવારોના નામ જાહેર કરી સૌને ચોંકાવી દીધા છે. બાયડ બેઠક ઉપર ભાજપ કોને મેદાનમાં ઉતારશે તેને લઈને છેલ્લા દોઢ વર્ષથી ચાલતા ધમસાણનો અંત આવ્યો છે. જ્યારે વિધાનસભા મતક્ષેત્રમાં ભાજપ દ્વારા વિકાસના કામો અને પ્રજાલક્ષી યોજનાના સહારે વિજય મેળવવાના લક્ષ સાથે પેજ પ્રમુખ સહિત શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જ અને ભાજપના કાર્યકરોને પ્રચાર કાર્યમાં જોડી દીધા છે. રવિવારે વિધાનસભા મતક્ષેત્રની જિલ્લા પંચાયત બેઠકો ઉપર સ્નેહ મિલન સહિત ભોજન સમારંભ યોજાયા હતા જેમાં ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારતાં કાર્યકરોમાં વ્યાપક ખુશાલી સાથે જીતના દાવા કરતા જોવા મળ્યા હતા. બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં ૧,૨૭,૦૦૦થી વધુ ક્ષત્રિય-ઠાકોર મતદાર છે અને ભાજપ દ્વારા ઠાકોર સમાજના મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારી અન્ય હરીફ રાજકીય પક્ષોની ઉંઘ હરામ કરી દીધી છે. કોંગ્રેસ દ્વારા હજુ ઉમેદવાર જાહેર થયા નથી. જ્યારે આમ આદમી પાર્ટીએ પાટીદાર ઉમેદવાર ચૂનીભાઈ બબાભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે ત્યારે કોંગ્રેસ માટે બાયડ બેઠક ઉપર ક્ષત્રિય કે પાટીદાર ઉમેદવાર મેદાનમાં ઉતારવાની અવઢવમાં હોય તેવું જાણવા મળ્યું છે. જ્યારે કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલને કોંગ્રેસ પુનઃ મેદાનમાં નહીં ઉતારે તો તેમની નારાજગી ભાજપ માટે ફાયદારૂપ હોવાનું પણ કેટલાક કાર્યકરોએ ગણિત માંડ્યું છે.

**અરવલ્લી જિલ્લામાં નાણાંપંચની ગ્રાન્ટોમાં ઓનલાઈન ફેરફાર કર્યા પછી બચવા માટે પરીપત્ર**

# તાલુકા વિકાસ અધિકારી જવાબદારીથી છટકી કરાર આધારીત કર્મચારીઓ ઉપર ઠીકરુ ફોડવાનો પ્રયાસ

**કેટલી ગ્રાન્ટોમાં ઓનલાઈન ફેરફાર કરાયો તેની તપાસ થાય તો અનેક અધિકારીઓ ઘર ભેગા થાય**

બાયડ, તા.૧૩

અરવલ્લી જિલ્લાની તમામ તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતોમાં ૧૫મા નાણાપંચ અંતર્ગત આવેલી ગ્રાન્ટોના ઓનલાઈન કામોમાં સરપંચ અને તલાટી કમ મંત્રીઓની પૂર્વ મંજૂરી વગર મનસ્વી રીતે ફેરફાર કરી મહાકૌભાંડ આચરવામાં આવ્યું છે. હરકતમાં આવેલા તંત્રએ હવે નાણાપંચની ગ્રાન્ટોના ઓનલાઈન કામોમાં ફેરફાર કર્યાનું લેખિતમાં સ્વીકાર્ય છે અને જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓને આજદિન સુધી ઓનલાઈન ઈ-ગ્રામસ્વરાજ પોર્ટલ ઉપર ફેરફાર કર્યા હોય તેની વિગતો મોકલી આપવા તાલુકા પંચાયતના મુખીયાઓ દ્વારા આદેશ અપાયા છે ત્યારે સવાલ એ થાય છે કે કરાર આધારીત કર્મચારીઓએ કોના ઈશારે નાણાપંચની ગ્રાન્ટોના ઓનલાઈન કામોમાં ફેરફાર કર્યા અને હવે તેમને બચાવવા માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારીને પરીપત્ર કરવાની ફરજ પડી. આ મુદ્દે ન્યાયિક તપાસ થાય તો અરવલ્લી જિલ્લામાં ગ્રાન્ટોના કામોમાં ફેરફાર થઈ ગયો, ચૂકવણાં થઈ ગયાં અને હવે વિગતો માંગવા નિકળતાં મહાકૌભાંડમાં અનેક મહારથીયોને બચાવવાના પંતરા શરુ થયાની ચર્ચાઓ ચાલી રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને અનેક ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારના આક્ષેપ થયેલા છે પરંતુ કોઈ કૌભાંડ બહાર આવે એટલે સત્તાના જોરે બધું દબાવી દેવામાં આવતું હતું પરંતુ કહેવાય છે કે પાપ છાપરે ચઢીને પોકારે. ૧૫માં નાણાપંચ અંતર્ગત વિવિધ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને આપવામાં આવેલી ગ્રાન્ટોમાં ઓનલાઈન કામોમાં બારોબાર જે તે તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી અને બાંધકામ શાખાના કર્મચારીઓએ ફેરફાર કરી દીધો હતો અને આવાકામ પૂરા પણ કરી દીધા હતા છતાં તલાટી કમ મંત્રી અને જે તે ગ્રામ પંચાયતના સરપંચને તેની ખબર પણ ન પડી. જ્યારે ગ્રામ પંચાયતની ચૂંટણી પછી નવા ચૂંટાયેલા સરપંચો સમયે એક પછી એક વિગતો પ્રકાશમાં આવી રહી છે. ૧૫માં નાણાપંચ અંતર્ગત ઈ-ગ્રામસ્વરાજમાં ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન અપલોડ કરવાનો હોય છે જે પ્લાન દરમ્યાન નાણાકીય વર્ષ દરમ્યાન ગ્રાન્ટની મર્યાદામાં કામ કરવામાં આવે છે. પ્લાનમાં જો કોઈ કામ થઈ શકે તેમ ન હોય તો ગ્રામ પંચાયતના કામના ફેરફારની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી સમક્ષ મંજૂરી મેળવી ઓનલાઈન કામમાં ફેરફાર કરવાનો હોય છે. તલાટી કમ મંત્રીએ ૧૫માં નાણાપંચ શરુ થયે વર્ષ-૨૦૨૦-૨૧ થી આજદિન સુધી ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર જે કામના ફેરફાર કરાવેલ હોય તે તમામ ગ્રામ પંચાયતની ઠરાવની નકલ પર ઓનલાઈન પ્લાનમાં કોઈપણ ફેરફાર કરતાં પહેલાં ગ્રામ પંચાયત ફેરફાર દરખાસ્ત તાલુકા પંચાયતમાં મંજૂરી મેળવ્યા પછી કરવાની રહેશે તેવો પરીપત્ર બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકા પંચાયત દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ અત્યાર સુધી મંજૂરી વગર જ ઓનલાઈન કામોમાં ફેરફાર કરી મળતિયા કોન્ટ્રાકટરોને માલામાલ કરાવી દેવામાં કોની સાજીશ હતી ?? તે જાહેર થયું નથી. રાજય સરકાર અને વિઝીલન્સ દ્વારા આ મુદ્દે તપાસ થાય તો અરવલ્લી જિલ્લામાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટોમાં ખુલ્લેઆમ થયેલી લૂંટમાર સામે આવી શકે છે. જ્યારે ડીઝીટલ સિગ્નેચર-કી જે તે તાલુકા પંચાયતના જવાબદાર અને બાંધકામ શાખાના કરાર આધારીત કર્મચારીઓ પાસે કેવી રીતે રાખવામાં આવી?? ડીઝીટલ સિગ્નેચર-કી જે તે તલાટી કમ મંત્રી અને સરપંચને આપવાની હોય છે અને તેના પાસવર્ડ પણ તેમના તાબામાં રાખવાના હોય છે છતાં આવું થયું નથી અને ટેક્રોની ખરીદીમાં પણ જેમપોર્ટલના બદલે મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપી મેન્યુઅલ બીલ ધાબડી દેવામાં આવ્યાની ચકચારી વિગતો ધીરે ધીરે પ્રકાશમાં આવી રહી છે.

### ગ્રાન્ટ ફેરફાર દરખાસ્ત રજીસ્ટરનું ઉબાળીયું

જિલ્લામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ફાળવવામાં આવેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટમાં ભ્રષ્ટ અધિકારીઓ અને તેમની ટોળકીએ સરપંચ અને તલાટીને વિશ્વાસમાં લીધા વગર ઓનલાઈન કામોમાં ફેરફાર કરી દીધો છે. ગ્રાન્ટ ફેરફારનું રજીસ્ટર નિભાવવાનું હોય છે અને ઠરાવ પણ કરવાના હોય છે છતાં આવું કંઈ જ થયું ન હોવાની વિગતો બહાર આવતાં અરવલ્લી જિલ્લા પંચાયતના કેટલાક અધિકારીઓ અને પદાધિકારીઓની સંડોવણી હોવાની આશંકા પણ સેવાઈ રહી છે.

# ડીસા પાલિકાના ચીફ ઓફિસર રજાના દિવસે પણ એલર્ટ મોડમાં

**વિવિધ વિસ્તારોમાં ફરીને સમસ્યાઓનું જાત નિરીક્ષણ**




ડીસા, તા.૧૩


ડીસા નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં વિવિધ સમસ્યાઓ હોવાની અવારનવાર બૂમરાણ ઉઠી રહી છે ત્યારે ડીસામાં ગંદકી, સ્વચ્છતા, ગટર વ્યવસ્થા અને બિન અધિકૃત બાંધકામ જેવી સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે રવિવારે પણ ચીફ ઓફિસર જાત નિરીક્ષણ કરવા નિકળ્યા હતા. ડીસા ચીફ ઓફિસરની બદલી થતાં નવા ઈન્ચાર્જ ચીફ ઓફિસર તરીકે પાંચાભાઈ માળીની નિમણૂક થતાં જ પ્રથમ વખત જ એક ચીફ ઓફિસર દ્વારા રજાનો દિવસ હોવા છતાં જનતાની સુખાકારી માટે ઈન્ચાર્જ ચીફ ઓફિસર પાંચાભાઈ માળી શહેરના વિવિધ વિસ્તારોમાં સમસ્યાઓ અંગે જાત નિરીક્ષણ કર્યું હતું અને શહેરમાં તંત્ર દ્વારા આચરાતી ગેરરીતિઓને લઈને કડક વલણ અપનાવ્યું છે ત્યારે આજે ડીસા હરિઓમ શાળાની નજીક સ્વચ્છતા અને ગટર વ્યવસ્થા અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનોની બાંધકામની ઝીણવટ ભરી તપાસ હાથ ધરી હતી આમ શાસનધૂરા સંભાળતા જ નગરપાલિકાના ચીફ ઓફિસર પાંચાભાઈ માળી દ્વારા જાત તપાસ હાથ ધરવામાં આવી હતી.જેમની જાગૃતિને શહેરીજનોએ બિરદાવી હતી.




**અંબાજીથી ૨૫ વર્ષ જૂના પગપાળા સંઘનું રાજસ્થાનના કલવાના જવા પ્રસ્થાન**

શક્તિ, ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ ગણાતું માઁ જગતજનની અંબાનું ધામ વિશ્વભરમાં વિખ્યાત છે. માં અંબાના ધામે હજારો, લાખોની સંખ્યામાં લોકો પગપાળા કરી સંઘ લઈ આવતાં હોય છે .આજે શુક્રવારે અંબાજીથી મોટી સંખ્યામાં લોકો પગપાળા સંઘ લઈ રાજસ્થાનના મેવાડ ખાતે આવેલા કલવાના નીકળ્યા છે. અંબાજીમાં વસવાટ કરતાં રાજસ્થાની લોકો દ્વારા આજે સંઘ લઈ પગપાળા કરી સેંકડો કિલોમીટર દર્શન માટે કલવાના જવા નીકળ્યા છે. અંબાજીથી છેલ્લા ૨૫ વર્ષથી આ સંઘ પગપાળા રાજસ્થાનના મેવાડમાં આવેલા કલવાના ખાતે ભૈરવ બાબાના દર્શન માટે જતો હોય છે. આજે આ સંઘમાં ૪૦ થી વધુ ભક્તો જોડાઈ પગપાળા સંઘ લઈ રાજસ્થાન નીકળ્યા છે. યાત્રાધામ અંબાજીથી ચાર દિવસનો પગપાળા સંઘ લઈ રાજસ્થાનના કલવાના ખાતે પહોંચશે તો, કલવાનામા ભૈરવ બાબાના દર્શન કરી ફરી પરત અંબાજી આવશે.

# અરવલ્લી : માઝમ જળાશયમાંથી સિંચાઈનું પાણી છોડાયું : ૨૦ ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈનો લાભ



મોડાસા તા.૧૩

દિવાળી પૂર્ણ થતાં જ ખેડૂત રવિ ઋતુ માં ખેડૂતો ખેતી કામમાં જોડાઈ ગયા છે ત્યારે ખેડૂતોને સિંચાઈના પાણું પાણી આપવાની કામગીરી સિંચાઈ વિભાગે શરૂ કરી દીધી છે. અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે આવેલા મેશ્વો અને માઝમ જળાશયમાંથી સિંચાઈનું પાણી છોડવામાં આવી રહ્યું છે, જેથી ખેડૂતોને હજારો હેક્ટરમાં પિયતનો લાભ થશે.મોડાસા તાલુકાના મેશ્વો જળાશયમાંથી સિંચાઈ વિભાગે ૨૫ ક્યુસેક પાણી છોડતા મોડાસા તાલુકાના ૧૭થી ૨૦જેટલા ગ્રામ્ય વિસ્તારોને સીધો ફાયદો થશે.

રવિવારના દિવસે પ્રથમ પાણી છોડવામાં આવતા મોડાસા તાલુકાના ૮ જ્યારે ધનસુરા તાલુકાના ૧૨ જેટલા ગ્રામ્ય વિસ્તારને સિંચાઈનો લાભ થશે. આ સાથે જ બંન્ને તાલુકાના ૮૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.ભિલોડા તાલુકાના શામળાજી ખાતે આવેલા મેશ્વો જળાશયમાંથી હાલ ૧૦૦ ક્યુસેક પાણી પ્રથમ પાણી પ્રગતિના પંથે છે, જેનાથી મોડાસાના ૪૦ થી ૪૫, ભિલોડાના ૫ જ્યારે ધનસુરાના ૩ ગ્રામ્ય વિસ્તારોને સિંચાઈનો લાભ મળશે. મેશ્વો જળાશયમાંથી સિંચાઈનું પાણી છોડાતા ત્રણ તાલુકાના ૧૮૦૦ થી ૨૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે. મેશ્વો જળાશયમાંથી કુલ ૪ પાણી તબક્કાવાર છોડવામાં આવનાર છે, જરૂરિયાત મુજબ પાંચ પાણી પણ છોડાશે. માઝમ જળાશયમાંથી સિંચાઈનું પાણી છોડાતા સિંચાઈ વિભાગના અધિકારીઓએ કેનાલનું નિરીક્ષણ કર્યું હતું.

# અંબાજી નજીક જાંબુડી ખાતે આર્મી જવાનનું મોત : ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર



ડીસા, તા. ૧૩

શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે. અંબાજીથી ૭ કિલોમીટર દૂર બંને તરફ રાજસ્થાન રાજ્યની બોર્ડર આવેલી છે. કોટેશ્વરથી જાંબુડી તરફના માર્ગ પર બાઈક સ્લીપ થતાં ભૂરારામ કેવળાભાઈ આદિવાસીનું મૃત્યું થયું હતું. આદીવાસી પરિવારમાં જન્મ થયા બાદ તેમણે ભારત દેશની રક્ષા કરવા માટે આર્મીમાં જવાનું પસંદ કર્યું હતું. તેઓ બીએસએફમાં જોડાયા હતાં અને તેમના લગ્ન અંબાજી મંદિરમાં ફરજ બજાવતા જમાદાર લીંબાભાઈની પુત્રી સાથે થયા હતા. લગ્ન બાદ તે એક પુત્ર અને એક પુત્રી સાથે સંયુક્ત પરિવારમાં જાંબુડી પાસે રહેતા હતા. હાલમાં તેમની નોકરી છત્તીસગઢ ખાતે હતી. ભૂરારામ આદિવાસી ચાર દિવસ અગાઉ પરિવારના કામ અર્થે પોતાના વતન જાંબુડી ખાતે આવ્યા હતા. ઘરેથી બાઈક લઈને જતી વખતે બાઈક અચાનક સ્લીપ થઈ જવાથી તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને ગંભીર અવસ્થામાં પાલનપુર ખાતે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન ગુરુવારે મૃત્યુ થયું હતું. આજે શુક્રવારે તેમને બીએસએફ દ્વારા ગાર્ડ ઓફ ઓનર અપાયું અને અંતિમ સંસ્કાર તેમનાં માદરે વતનમાં કરવામાં આવ્યા હતાં. ત્યારે સમગ્ર પંથકમાં 'ભારત માતાકી જય' અને 'ભૂરારામ તુમ અમર રહો' ના નારા લાગ્યા હતાં.

**પ્રાંતિજ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસ પક્ષના પ્રમુખ દ્વારા**

# પાંચ કરોડ રૂપિયા માગ્યાની ઓડિયો વાયરલ થતાં ચકચાર

તલોદ,તા. ૧૩

આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે ગજેન્દ્ર સિંહ પરમાર ના નામની ઘોષણા થતાં ભાજપ ના કાર્યકરો ટેકેદારો માં ખુશીનો માહોલ ગવજોવા મળ્યો છે બીજી તરફ કોંગ્રેસ ના ઉમેદવારની જાહેરાત કરવાની બાકી છે ત્યારે તાલુકા કોંગ્રેસ ના પ્રમુખ દ્વારા કોંગ્રેસ ની ટીકીટ મેળવવા માટે પાંચ કરોડ રૂપિયાની માગણી કરતો એક ઓડિયો સોશ્યલ મીડિયા માં ફરતો થતાં ભાજપ સરકાર સામે ભ્રષ્ટાચાર ના આક્ષેપો કરતી કોંગ્રેસ શરમજનક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાની ચાર બેઠક માટે કોંગ્રેસ માંથી હિંમતનગર બેઠક માટે કોંગ્રેસ ના ઉમેદવાર તરીકે કમલેશ પટેલ નામની જાહેરાત કરવામાં આવેલ બાકીની ત્રણ બેઠક માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવાર ની જાહેરાત બાકી છે ત્યારે પ્રાંતિજ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવા માટે કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરવા ઈચ્છુક ઉમેદવારના ટેકેદાર પાસે પાંચ કરોડ રૂપિયાની માગણી કરતો ઓડિયો વાયરલ થતાં પ્રમાણિકતા ની વાતો કરનારી કોંગ્રેસ પક્ષ ની કથની અને કરણીમાં તફાવત અંગે પ્રશ્નાર્થ ઊભા થયા છે એક તરફ કોંગ્રેસ માં ઉમેદવાર બનવા માટે નિષ્ઠાવાન કાર્યકરો પોતાને ટીકીટ મળશે એવી આશા વ્યક્ત કરી રહ્યા છે ત્યારે બીજી તરફ કોંગ્રેસ પક્ષના પ્રમુખ દ્વારા ટિકિટ મેળવવા માટે પાંચ કરોડ રૂપિયાની માગણી કરતા વર્તમાન તાલુકા પ્રમુખ કોંગ્રેસ પક્ષ ની હાલત સાપે છછુંદર ગળ્યા જેવી થઈ ગઈ છે જોકે ગાંધીનગર સમાચાર સોશ્યલ મીડિયા માં ફરતો થયેલ ઓડિયો ની પુષ્ટિ કરતું નથી

# પાલનપુરમાં અંગ્રેજી વિષયના ગ્રામરનું પ્રથમ પગલું વિશ્વાસનું પુસ્તકનું વિમોચન



પાલનપુર તા.૧૩

પાલનપુરની ગવર્મેન્ટ સરકારી હાઈસ્કૂલમાં સને ૧૯૫૦ થી સને ૧૯૬૯ સુધી ઈંગ્લિશ વિષયના ટીચર તરીકે સેવાઓ આપનાર સ્વર્ગવાસિ શ્રીકૃષ્ણ લાલ દયારામ શર્માની ટીચિંગ નોટ્સના આધારે તેમના પુત્ર શ્રી વેદ વ્યાસ શર્માએ સંપાદિત ઈંગ્લિશ ગ્રામર બુક્સ પ્રથમ પગલું વિશ્વાસનું વિમોચન કાર્યક્રમ પાલનપુર ખાતે શર્મા પરિવાર દ્વારા આયોજિત કરાયો હતો. પુસ્તકનું વિમોચન પાલનપુરના જાણીતા વકીલ શ્રી યશવંત લેખરાજ બચાણીના વરદ હસ્તે કરાયો હતો. આ પ્રસંગે પૂર્વ હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી હીરાભાઈ પ્રજાપતિ, પૂર્વ મંત્રી શ્રી કાંતિલાલ કચોરીયા, ભાજપના વરિષ્ઠ અગ્રણી અને સિનિયર પત્રકાર શ્રી ગણપતભાઈ જોષી જેઓ સ્વ શ્રી શર્મા સાહેબના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હતા. તેઓએ આ પ્રસંગે પ્રસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે વેદ વ્યાસ શર્મા મીડિયા મિત્રોને જણાવેલ કે આ પુસ્તક બનાસકાંઠા જિલ્લાના તમામ હાઈસ્કુલો ના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય વિતરણ કરાશે. આ ટૂંકા અને અંગ્રેજી વિષયના પાયાના ગ્રામર માટે આયોજિત કાર્યક્રમ નું સંચાલન સુભાષ શર્માએ કર્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાના શિક્ષકોના વધ-ઘટ બદલી કેમ્પમાં નિયમોનું ખોટું અર્થઘટન કર્યાનો આરોપ

**વધ પરત કેમ્પ યોજવાનો નિયમ છતાં યોજ્યો નથી, અનેક શિક્ષકો કોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારીમાં**

બાયડ , તા.૧૩

અરવલ્લી જિલ્લામાં સરકારી પ્રા.શાળાઓમાં વધ-ઘટનો બદલી કેમ્પ ગત મહિને યોજવામાં આવ્યો જેમાં બદલીના નવા નિયમોનું વિભાગના અધિકારીઓએ ખોટું અર્થઘટન કરી અનેક શિક્ષકોને અન્યાય કર્યો છે. જ્યારે વધ-ઘટના બદલી કેમ્પ પછી વધ પરત અંતર્ગત અરજીઓ મંગાવી શિક્ષકોને લાભ આપવાનો હોય છે પરંતુ તે લાભ ન અપાતાં અનેક શિક્ષકોને હવે ફરજ બજાવી ત્યાં સુધી વધમાં જ એક થી બીજી શાળામાં ફંગોળાવવું પડે તેવી સ્થિતિ સામે આવી છે. જ્યારે અન્ય જિલ્લામાં વધ પરત કેમ્પ યોજાયા છે તો અરવલ્લીમાં કેમ નહીં..?? તેવા આક્રોશ સાથે અનેક શિક્ષકોએ કોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારીઓ શરુ કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લાના તાલુકાની સરકારી પ્રા. શાળાઓમાં વધમાં રહેલા શિક્ષકો માટેનો બદલી કેમ્પ ગત તા.૨૯ ઓક્ટોબર-૨૦૨૨ના રોજ યોજવામાં આવ્યો હતો અને રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી કેમ્પ ચાલતાં આયોજન સામે પણ મહિલા શિક્ષકોમાં વ્યાપક રોષ સામે આવ્યો હતો. અરવલ્લી જિલ્લાના ૧૫ પ્રા.શિક્ષકો વધમાં પડતાં તેઓને ઉચ્ચ પ્રા. વિભાગ એટલે કે ધો. થી ૮માં મૂકવામાં આવ્યા છે. પી.ટી.સી. થયેલા શિક્ષકોને ધો.૧ થી ૫ માં ભણાવવાનું હોય છે પરંતુ તેઓને ઉચ્ચત્તર પ્રા.વિભાગમાં મૂકાતાં તે નિયમ વિરુદ્ધ હોવાનું અગાઉ પણ ગુજરાત હાઈકોર્ટે તારણ નિકાળ્યું હતું છતાં અરવલ્લી જિલ્લામાં નવા બદલીના નિયમોનો જગજાહેર ભંગ કરી પ્રા.શિક્ષકોને હળાહળ અન્યાય થયાની જવાળાઓ સામે આવી છે. જ્યારે કેટલાક પ્રા.શિક્ષકોએ અન્ય જિલ્લામાં વધ-ઘટ બદલી કેમ્પ પછી સંયુકત શિક્ષણ નિયામક-ગાંધીનગરના પત્રક્રમાંક પ્રા.શિ.નિ.કનીતી ૨૦૨૨૯ ૨૪ ૬-૯૭૦૦ તા. ૧૫-૧૦-૨૦૨૨ના સંદર્ભથી તા.૨૧-૭-૨૦૨૨ની સ્થિતિએ મંજૂર મહેકમ સામે વધથી કામ કરતાં શિક્ષકોને ઘટવાળી શાળામાં સરભર કરવા માટે વધ-ઘટ બદલી કેમ્પ કરવા અને વધુ પરત અંતર્ગત અરજીઓ મંગાવી ચકાસણી કરી જરુરી પત્રકો રજૂ કરવા જે તે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને સૂચનાઓ આપવામાં આવી છે.

### વિભાગનું રટણ, બદલીઓમાં કશું ખોટું થયું નથી


અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ વિભાગનો સંપર્ક કરતાં ફરી એકવાર એકનું એક રટણ ચાલું રાખ્યું કે બદલીઓમાં કશું ખોટું થયું નથી. અને દરેક જિલ્લાઓમાં જે નિયમાનુસાર બદલી થઈ છે તે પ્રમાણે જ વધ-ઘટની બદલી કરવામાં આવી છે.

**અભી બોલ અભી ફોક...**

# ડીસા વિધાનસભા ચૂંટણીની કોંગ્રેસની ટિકિટ : વારસાગત અપાતા નારાજ થઈ રાજીનામું આપનારા હોદ્દેદારોની ઘર વાપસી

પાલનપુર તા. ૧૩

ડીસા વિધાનસભા સીટ પર કોંગ્રેસે પરિવારવાદને પોષતા પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના પુત્ર સંજય દેસાઈને ટીકીટ આપતા કોંગ્રેસના નારાજ ૧૫ જેટલા અગ્રણીઓએ રાજીનામાં આપ્યા હતા. જોકે, આજે આ નારાજ અગ્રણીઓએ પોતાના રાજીનામાં પરત ખેંચી કોંગ્રેસમાં ઘર વાપસી કરી હતી. અભી બોલા અભી ફોક ની પદ્ધતિ અપનાવી રાજીનામું આપનારા ૧૫ કોંગ્રેસીઓએ ઘર વાપસી કરી હતી. ડીસા વિધાનસભા સીટ પર કોંગ્રેસે યુવા ઉમેદવાર સંજય દેસાઈને ટીકીટ આપતા કોંગ્રેસ ના નારાજ થયેલા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પીના ધાડિયા, વિપુલ શાહ, પોપટજી દેલવાડિયા, નરસિંહ દેસાઈ સહિતના હોદ્દેદારોએ પાલનપુર આવી કોંગ્રેસ કાર્યાલય ખાતે રાજીનામાં ધરી દીધા હતા. જોકે, પાંચેક દિવસ અગાઉ ૧૫ જેટલા હોદ્દેદારોએ રાજીનામાં આપ્યા બાદ કોંગ્રેસે ડેમેજ કંટ્રોલ કવાયત હાથ ધરી હતી. ત્યારે નારાજ કોંગ્રેસ અગ્રણીઓ એ ફરીએકવાર ઘર વાપસી કરી હતી. જેમાં પાલનપુર શહેર માલધારી સમાજના પ્રમુખ પણ કોંગ્રેસમાં જોડાયા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ વાઘેલાના હસ્તે પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલની હાજરીમાં નારાજ સભ્યો કોંગ્રેસમાં જોડાઈ એક સૂત્રતાની વાત કરતા કોંગ્રેસને જીતડવાની ખાતરી આપતા ઘીના ઠામમાં ઘી ઢળ્યું હતું.



# પાલનપુર નજીકના ચડોતર ધોળેશ્વર મહાદેવના દર્શન કરી ભાજપનો પ્રચારનો પ્રારંભ



પાલનપુર તા.૧૩

પાલનપુર વિધાનસભાના ભાજપ ના ઉમેદવાર અનિકેત ઠાકરે ચડોતર ગામમાં શ્રી ધોળેશ્વર મહાદેવના દર્શન કરી આશીર્વાદ મેળવી ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કર્યા હતા. આ પ્રસંગે ચડોતર ગામના ગ્રામજનોએ ભાજપના યુવા ઉમેદવાર અનિકેતભાઈ ઠાકરને ગોળથી ભારોભાર તોળ્યા હતા. તેમજ તુલા કરેલ ગોળ આંગણવાડીના બાળકોને વિતરણ કર્યો હતો. ચડોતરના વતની અને પાલનપુર એપીએમસી ના પૂર્વ ચેરમેન સોમાભાઈ પટેલ સહિત અનેક કાર્યકર્તાઓ આ પ્રસંગે અગ્રણીઓ હાજર રહ્યા હતા.